તા. ૦૫.૦૩.૨૦૨૫
દિવ્ય ભાસ્કર, (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૧

### ડિવાઈડર પર ગ્રીન સ્પેસ, રોડની બંને તરફ સાઈકલ ટ્રેક અને લેન્ડ સ્કેપિંગ કરાશે

# ધોળાકૂવાથી પંચેશ્વર સર્કલ સુધી મેટ્રોને સમાંતર 100 કરોડના ખર્ચે 80 મીટર પહોળો રોડ બનશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

મેટ્રો રેલનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે તેને સમાંતર આકર્ષક રસ્તા બનાવવાની કવાયત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે. શહેરના નવા વિસ્તારોમાં મેટ્રો રેલને સમાંતર નવો 80 મીટર પહોળો માર્ગ તૈયાર કરવામાં આવશે. ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી 4 કિલોમીટરની લંબાઈનો 80 મીટરનો માર્ગ આધુનિક એમેનિટીઝ સાથે 100 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ રોડ તૈયાર થતાં જ ચ-0થી કોબા સુધીના મેઈન રોડ પરનું ટ્રાફિકનું ભારણ ઘટશે.

## શહેરનો ત્રીજો રોડ આટલો પહોળો બનશે

ગાંધીનગરમાં વાહનચાલકોની સુવિધા માટે અને ટ્રાફિક મેનેજમેન્ટના ભાગરૂપે વિશાળ રસ્તા બનાવવામાં આવી રહ્યા છે. આ પહેલા ભાઈજીપુરાથી ગિફ્ટ સિટી સુધીનો 80 મીટર રોડ ગત વાયબ્રન્ટ સમિટ પહેલા તૈયાર કરી દેવામાં આવ્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અહીંથી પસાર થયા હતા. બીજો 80 મીટર પહોળો રોડ રાયસણ પેટ્રોલ પંપની બાજુમાં બની રહ્યો છે. જ્યારે ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી ત્રીજો 80 મીટર પહોળો રોડ બનશે.

## ચ-0થી રક્ષાશક્તિ સુધી સર્વિસ રોડ પણ ડેવલપ થશે

આ કામની સાથે જ ચ-0થી રક્ષાશક્તિ સર્કલ સુધીનો સર્વિસ રોડ પણ ડેવલપ કરવામાં આવનાર છે. ચ-0 કોર્નર પર મહાનગરપાલિકા દ્વારા ગાર્ડન બનાવવામાં આવ્યો છે. તેની બાજુમાંથી સર્વિસ રોડ પસાર થશે. જેથી શાહપુર બ્રિજ તરફ જતો ટ્રાફિક મેઈન રોડ પર આવતો અટકશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં ગાંધીનગરમાં નવા રોડ તૈયાર કરવા અને હાલના રોડ નેટવર્કને વધુ મજબૂત બનાવવા માટે 500 કરોડથી વધુનો ખાસ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. હાલ શહેરમાં ધોળાકુવાથી કોબા સુધીનો વિસ્તાર સૌથી વધુ વિકસી રહ્યો છે.

હાલ આ વિસ્તારના તમામ ટ્રાફિકનું ભારણ ચ-0થી કોબા મેઈન રોડ પર છે. હાલ ધોળાકુવાથી પંચમેશ્વર સર્કલ સુધી રસ્તો બનેલો છે. જેને સમાંતર અનેક કોમર્શિયલ કોમ્પલેક્સ, રહેણાંક સોસાયટીઓ આવેલી છે. પરંતુ આ રસ્તો યોગ્ય પહોળાઈ અને અન્ય સુવિધા ધરાવતો નથી. જેથી આ રોડને પણ મેઈન રોડ સમાંતર બનાવવાની કવાયત ચાલી રહી છે. અંદાજે 4 કિલોમીટર લંબાઈનો આ રસ્તો 80 મીટર પહોળાઈનો બનાવવામાં આવશે.

આ રોડ પહોળો કરવાની સાથે તેના ડિવાઈડર પર ગ્રીન સ્પેસ એટલે કે નાના રોપાનું પ્લાન્ટેશન કરાશે. રોડની બંને તરફ સાયકલ ટ્રેક, ફૂટપાથ વિકસાવાશે અને તેના છેડે લેન્ડ સ્કેપીંગ કરવામાં આવશે. મેટ્રોમાંથી પસાર થતાં લોકો પણ આ રોડની સુંદરતા નિહાળી શકે તે પ્રકારે રોડ ડેવલપમેન્ટ હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે મહાનગરપાલિકાના 103 કરોડના અંદાજ સામે 3.11 ટકા નીચું 100 કરોડ રૂપિયાનું ટેન્ડર ભરાયું છે. જેને મંજૂરી માટે રજૂ કરાતાં શુક્રવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.